# કલમ–૪(૧) (બી)(૪)

## પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો

### જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ અને ગુજરાત જન્મ–મરણ નોંધણી નિયમો–૨૦૦૪ અનુસાર જન્મ તેમજ મરણ નોંધણીની કામગીરી

(૧) જન્મ–મરણ તેમજ મૃત જન્મ બનાવની તારીખથી ૨૧ દિવસની અંદર વિના મુલ્યે નોંધવામાં આવે છે. દરેક નાગરિક સુવિધા કેન્દ્રો પરથી **તા.૦૧/૦૪/૨૦૨૦ પહેલા નોંધાયેલ** હોય તેવા જન્મ– મરણ ના ડેટા બંને ભાષા ( ગુજરાતી–અંગ્રેજી ) માં હોય તેવા જ તમામ જન્મ–મરણ ના પ્રમાણપત્ર મેળવી શકાશે. તેમજ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

- તા.૦૧/૦૪/૨૦૨૦ પછી ગુજરાત સરકારની ઈ–ઓળખ એપ્લીકેશનમાં રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર / એપ્લીકેશન નંબર પરથી ઓનલાઈન વિનામુલ્યે જન્મ – મરણના પ્રમાણપત્ર ડાઉનલોડ કરી મેળવી શકાય છે. વધુમાં મહાનગરપાલિકાના જે ઝોનમાં જન્મ–મરણ રજીસ્ટર થયેલ હોય તે જ ઝોનમાં પ્રમાણપત્ર મેળવી શકશો.

( ૨) ૨૧ દિવસની ઉપરના પરંતુ ૩૦ દિવસની અંદરના જન્મ–મરણ તેમજ મૃત જન્મ રૂપિયા ૨(બે) વિલંબીત નોંધણી ફી લઈને નોંધવામાં આવે છે.

(૩) ૩૦ દિવસની ઉપરના પરંતુ એક વર્ષ સુધીના નહી નોંધાયેલા જન્મ–મરણ તેમજ મૃત જન્મ રૂપિયા ૫ (પાંચ) વિલંબીત નોંધણી ફી લઈને નોંધવામાં આવે છે. આવા જન્મ–મરણ તેમજ મૃત જન્મ નોંધવવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ / નોટરી પબ્લીક સમક્ષ કરેલ એફીડેવીટ રજુ કરવાની રહેશે.

- મુખ્ય રજીસ્ટ્રાર(જન્મ–મરણ)અને કમિશ્નરશ્રી(આરોગ્ય)ગુજરાત રાજયના પરિપત્ર ક્રમાંકઃએસબીએચઆઈ/લોકડાઉન/વિલંબીત નોંધણી/છુટ/૧૫૨૧/VS/૨૦૨૦,તા.૦૯/૦૬/૨૦૨૦ મુજબ કોવિડ–૧૯ વૈશ્વિક મહામારીને કારણે તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ રહેલ હતું.જેથી આવા વિશેષ સંજોગોમાં તા.૦૪/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં બનેલા/બનનારા જન્મ–મરણ અને મૃત જન્મના બનાવોની નોંધણી માટે એફીડેવીટ કરવામાંથી મુકિત તેમજ વિલંબીત નોંધણી ફી જતી કરવાનો નિર્ણય રાજય સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ હતો.તદનુસાર જન્મ–મરણ કે મૃત જન્મની નોંધણી કરવા જણાવેલ હતું.
- મુખ્ય રજીસ્ટ્રાર(જન્મ–મરણ)અને કમિશ્નરશ્રી(આરોગ્ય)ગુજરાત રાજયના પરિપત્ર ક્રમાંકઃએસબીએચઆઈ/લોકડાઉન/વિલંબીત નોંધણી/છુટ/૨૦૦૨/VS/૨૦૨૧,તા.૨૮/૦૪/૨૦૨૧ મુજબ કોવિડ–૧૯ વૈશ્વિક મહામારીને કારણે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમાં બનેલા/બનનારા જન્મ–મરણ અને મૃત જન્મના બનાવોની નોંધણી માટે એફીડેવીટ કરવામાંથી મુકિત તેમજ વિલંબીત નોંધણી ફી જતી કરવાનો નિર્ણય રાજય સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. તદનુસાર જન્મ–મરણ કે મૃત જન્મની નોંધણી કરવા જણાવેલ છે.

(૪) એક વર્ષની ઉપરના નહી નોંધાયેલા જન્મ–મરણ તેમજ મૃત જન્મ રૂપિયા ૧૦(દશ) વિલંબીત નોંધણી ફી લઈને નોંધવામાં આવે છે. આવા જન્મ–મરણ તેમજ મૃત જન્મ નોંધાવવા જયુડીશયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટકલાસ) / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનું હુકમનામું રજુ કરવાનું રહેશે.

(૫) નોંધાયેલા જન્મ–મરણનાં આધારે પ્રથમ નકલ એક વર્ષ સુધી વિના મુલ્યે આપવામાં આવે છે.

(૬) જન્મ–મરણની વધારાની નકલો મેળવવા નિયત કરેલ પ્રફોર્મામાં અરજી કરવાની રહેશે તેમજ અરજી પત્રક ઉપર ૨૦ પૈસાની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવવાની રહેશે.

(૭) સ્થા.સ.ઠ.નં.૩૩૫/૨૦૨૦ થી મંજુર થયા મુજબ જન્મ–મરણનાં પ્રમાણપત્રો ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં એકજ પ્રમાણપત્રમાં આપવાના હોવાથી નકલ દીઠ નકલ ફી રૂપિયા ૫/ –(પાંચ), વહીવટી ચાર્જ રૂપિયા ૧૫/–(પંદર) ભર્યેથી એક જ અરજી ફોર્મ પર એકથી વધુ પરંતુ ૧૦(દશ) નકલથી વધુ નહિ તે રીતે નકલ આપવામાં આવે છે.

(૮) જો આપેલ અરજીના આધારે કોઈ કિસ્સામાં જન્મ–મરણની નોંધ રજીસ્ટરમાં શોધાઈ કર્યા પછી નોંધ ન મળે તો તેવા કિસ્સામાં બનાવના સ્થળ અને તારીખના ચોકકસ પુરાવા મેળવીને અપ્રાપ્ય પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૯) નોંધાયેલા જન્મની નોંધમાં બાળકનું નામ એક વર્ષ સુધી વિના મુલ્યે દાખલ કરી આપવામાં આવશે. જન્મની નોંધણી તારીખથી એક વર્ષની ઉપરના પરંતુ ૧૫ (પંદર) વર્ષ સુધી નોંધાયેલા જન્મની નોંધમાં બાળકનું નામ રૂપિયા ૫/– (પાંચ) વિલંબીત નામ નોંધણી ફી લઈ દાખલ કરી આપવામાં આવે છે.

(૧૦) હાલમાં પ્રવર્તમાન સ્થિતિએ જે કિસ્સામાં જન્મ નોંધણી થઈ ગઈ હોય પરંતુ બાળકનું નામ નોંધણી કરાવવાનું રહી ગયું હોય તેવા તમામ કિસ્સામાં મુખ્ય રજીસ્ટ્રાર જન્મ–મરણ અને આરોગ્ય કમિશ્નર, ગુજરાત સરકારના અર્ધ–સરકારી પત્ર નં.એસ.બી.એચ.આઈ./ બી.એન્ડ ડી.એકટ/ ૬૦૯/જે.એમ./વી.એસ./૨૦૦૪, તા.૦૫/૦૩/૦૪ ના ફેકસ મુજબ જાહેરનામું બહાર પાડયાની તારીખથી લેઈટ ફી રૂપિયા ૫/– (પાંચ) ભરીને ૧૫ વર્ષ સુધીમાં નામની નોંધણી થઈ શકશે એટલે કે, તા.૨૧/૦૧/૨૦૧૯ સુધી તેમજ કમિશ્નર(આરોગ્ય) અને અગ્રસચિવ (જા.આ. અને પ.ક.)ના પત્ર નં.એસ.બી.એચ.આઈ./ જા.ના./૨૦૧૮/૧૯૫૭–૨૨૫૩/વી.એસ.–૨૦૧૯, તા.૦૫/૦૨/૨૦૧૯ થી જાહેરનામું બહાર પાડયાની તારીખથી લેઈટ ફી રૂપિયા ૫/– (પાંચ) ભરીને ૧૫ વર્ષ સુધીમાં નામની નોંધણી થઈ શકશે એટલે કે, તા.૦૩/૧૨/૨૦૩૩ સુધી આવા કિસ્સાઓની નામની નોંધણી થઈ શકશે (નિયમ–૧૦ મુજબ)

(૧૧) ગુ.બ.ડે.રજી.રૂલ્સ (સુધારા) ૨૦૦૪ નાં નિયમ નં.૧૧(૪) અન્વયે નોંધાયેલા જન્મ–મરણની નોંધમાં બે પ્રતિષ્ઠિત વ્યકિતઓએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ / નોટરી પબ્લીક સમક્ષ કરેલ એકરારનામું / સોંગદનામાના આધારે સુધારો કે વધારો જરૂરી પુરાવા લઈ કરી આપવામાં આવે છે. પરંતુ જો જન્મ–મરણની નોંધમાં કલેરીકલ ભુલ થયેલી માલુમ પડે અથવા લાગત હોસ્પિટલ ઓથોરીટી થયેલ ભુલ બદલ એકરાર કરે તો અરજદાર પાસે માત્ર અરજી લઈ સુધારો વધારો કરી આપવામાં આવે છે.

(૧૨) જન્મ–મરણની નોંધણી માટે નિયત કરેલ પ્રફોર્મામાં સ્પષ્ટ, સુવાચ્ય તથા પુરતી માહિતી આપવાની રહેશે.

(૧૩) જન્મ રજીસ્ટરમાં બાળકનું નામ લખાઈ ગયા બાદ તેમાં કોઈ પણ જાતનો સુધારો થઈ શકતો નથી.

(૧૪) શાળા છોડયાના પ્રમાણપત્ર કે અન્ય કોઈ જાતના પત્રના આધારે જન્મ તારીખમાં સુધારો થઈ શકતો નથી.

(૧૫) મૃત્યુ વખતે મરનાર વ્યકિતનું નામ ચોક્કસ જ હોય છે. જેથી તેમાં ફેરફારને અવકાશ રહેતો નથી. જેથી મરણ બાદ મરનારનાં નામમાં ઉર્ફે કરી બીજું નામ દાખલ કરી શકાતુ નથી. નોંધણી વખતે મરનારનું નામ જે વ્યવહારમાં ચાલતુ હોય તે જ લખવાનું રહેશે. મરનારનું નામ એક વખત લખાઈ ગયા પછી તેમા ફેરફાર થઈ શકતો નથી.

જન્મ કે મરણની નોંધમાં કારકુનની અથવા ઔપચારીક ભૂલ એટલે કે બેધ્યાન / ટાઈપોગ્રાફીકલ ભૂલ જણાય તો રજીસ્ટ્રારને આ બાબતે સંતોષકારક વ્યવહારમાં ચાલી આવેલ પુરાવાઓ તેમજ વ્યકિતની ઓળખ આધારીત ભૂલના પ્રકાર અને કેસની હકીકતો જણાવતી બે પ્રતિષ્ઠિત વ્યકિતઓએ કરેલ એકરાર રજુ કર્યેથી અધિનિયમની કલમ ૧૫ હેઠળ ઠરાવેલી રીતે નોંધ સુધારી શકશે.

(૧૬) સરકારશ્રી ધ્વારા અમલમાં મુકવામાં આવેલ "ધી ગુજરાત મેરેજ રજીસ્ટ્રેશ એકટ–૨૦૦૬" નો ૧ જાન્યુઆરી–૨૦૦૮ થી અમલ કરવામાં આવેલ છે, તે મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં થતા લગ્નની નોંધણી લગ્ન સ્થળને ધ્યાને લઈ જે તે ઝોનમાં આવેલ જન્મ–મરણની કચેરીમાં અરજદારો ધ્વારા રજુ કરેલ પુરાવાઓને આધારે કરવામાં આવે છે અને તે અંગેના પ્રમાણપત્ર જે તે ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી (લગ્ન રજીસ્ટ્રારશ્રી) મારફતે આપવામાં આવે છે.

- લગ્ન–નોંધણી માટે નિયત નમુનામાં પક્ષકારોએ લગ્ન નોંધણી યાદી જરૂરી પુરાવા તથા ફી સાથે બે નકલમાં, લગ્નનું સ્થળ જે વિસ્તારમાં હોય તે વિસ્તારના રજીસ્ટ્રારને પહોંચાડવાની રહેશે.
- લગ્ન–નોંધણી માટે નીચેના દસ્તાવેજો સામેલ કરવાનો રહેશે.
  - અરજી (એક નકલમાં) રજુ કરવી.
  - લગ્ન નોંધણી યાદી સંપૂર્ણપણે ભરીને સંબંધિતોની સહી સાથે બે નકલમાં રજુ કરવું.
  - લગ્ન નોંધણી યાદીની દરેક નકલ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની જોગવાઈ મુજબ રૂા.૪૦૦/– નો એગ્રીમેન્ટ સ્ટેમ્પ લગાવવાનો રહેશે.
  - બન્ને પક્ષકારો તથા સાક્ષીઓની ઓળખના પુરાવા (નીચેના પૈકી કોઈ એક)
    (૧) રેશનકાર્ડ (૨) ઈલેકશન કાર્ડ (૩) પાસપોર્ટ (૪) નોકરીએ રાખનારે આપેલ ઓળખપત્ર.
  - પક્ષકારોની ઉંમરના પુરાવા તરીકે જન્મ પ્રમાણપત્ર અથવા શાળા છોડયાનું પ્રમાણપત્ર.
- લગ્ન–નોંધણી માટે નિર્ધારિત ફી

| | | |
|---|---|---|
| ૧. | લગ્ન નોંધણીની યાદી લગ્નના ૩૦ દિવસમાં રજુ થઈ હોય તો | રૂા. ૫.૦૦ |
| ૨. | ૩૦ દિવસ બાદ પરંતુ ૩ માસ સુધી | રૂા. ૧૫.૦૦ |
| ૩. | લગ્નની તારીખથી ૩ માસ બાદ | રૂા. ૨૫.૦૦ |

- પક્ષકારો અને સાક્ષીઓની ઓળખની ચકાસણી બાદ લગ્ન નોંધણી રજીસ્ટ્રાર લગ્ન નોંધણી કરશે.
- લગ્ન નોંધણી રજીસ્ટ્રાર તેઓને રજુ થયેલ વિગતોથી સંતોષ ન થાય તો લગ્ન નોંધણી નકારી શકે છે.
- લગ્ન નોંધણી નકારણી હુકમ સામે રૂા. ૧૦૦ ની ફી સાથે રજીસ્ટ્રાર જનરલને એક માસમાં અપીલ થઈ શકે છે.
- પક્ષકારો સ્વયં લગ્ન નોંધણી યાદી લગ્ન નોંધણી રજીસ્ટ્રારને અને અપીલ અરજી રજીસ્ટ્રાર જનરલને મોકલી શકે છે.
- લગ્ન નોંધણી માટેના જરૂરી ફોર્મ લગ્ન નોંધણી રજીસ્ટ્રાર પાસેથી વિનામુલ્યે મળી રહેશે.